પાલનપુરમાં વિદ્યાર્થિનીઓની છેડખાની કરી પજવનાર રોમીયો પોલીસના હાથે ઝડપાયો

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૪

પાલનપુરમાં ઘણાં સમયથી અસામાજિક બદીઓનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે શાળા - કોલેજોમાં ભણતી વિદ્યાર્થિનીઓની છેડતી પણ લંપટ રોમીયો બેફામપણે આચરતા હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે આજે શહેરની સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ નજીકથી એક રિક્ષાચાલક રોમિયોને છટકું ગોઠવી એન્ટીરોમીયો સ્કવોર્ડની પોલીસ ટીમે રંગેહાથ ઝડપી લીધો છે.

આ અંગે પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર શહેરના ગઢામણ ગેટથી આગળ ડેરી રોડ પર અનેક શૈક્ષણિક સંકુલો આવેલા છે ત્યાં ગર્લ્સ હાઈસ્કૂલ પાસે ઘણાં સમયથી શાળાએ આવવાના - ઘરે જવાના સમયે એક રોમિયો અફઝલખાન હમીદખાન મનસુરી (૨૨ વર્ષ) રહે. માલલી દરવાજા બહાર, રામાપીર મંદિર પાસેને આજે એન્ટી રોમિયો સ્કવોર્ડે છટકું ગોઠવી તેની રીક્ષા નં. જીજે-૮-વી-૮૯૯૦ સાથે રંગેહાથ ઝડપી પાડી સ્કવોર્ડના નરપતસિંહ (હે.પો.કો.) પૂર્વ વિસ્તાર પોલીસ સ્ટેશને ફરીયાદ આપી અંદર કીર આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શાળા-કોલેજો સિવાય ટ્યૂશન ક્લાસીસ અને કોમ્પ્યુટર ક્લાસીસ પણ વહેલી સવારે અને સાંજે ૮ સુધી અભ્યાસાર્થે જતી - આવતી વિદ્યાર્થિનીઓને પણ પોલીસ રક્ષણ મળે તેમ માંગ ઉઠવા પામી છે.

મહાન રાષ્ટ્રસપુત અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે દેશની એકતા અને અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. રાજય સરકારશ્રી ધ્વારા કેવડીયા કોલોની ખાતે સરદાર પટેલનું ૧૮૨ મીટર ઉંચુ ઓફ યુનિટી બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજયમાં અને સમગ્ર દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૧૫ મી ડિસેમ્બરના રોજ સમગ્ર દેશમાં લાખો લોકો જુદા જુદા ૫૬૫ સ્થળોએ યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેશે. બનાસકાંઠા જિલ્લામાં પણ આ -સંગે ૧.૮૦ લાખ લોકો એક સાથે રન ફોર યુનિટીના કાર્યક્રમમાં ભાગ લેશે.

રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી સંદર્ભે હિંમતનગરમાં સફાઈ ઝુંબેશ શરૂ

હિંમતનગર, તા. ૧૪

હિંમતનગર ખાતે 'મહામહિમ રાજ્યપાલ અને મુખ્યમંત્રી'ની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ ૨૬મી જાન્યુઆરી-૨૦૧૪ના પ્રજાસત્તાક દિન સાબરકાંઠાના મુખ્ય મથકે યોજાનાર છે. હિંમતનગર શહેરમાં હિંમતનગર નગરપાલિકા દ્વારા સફાઈ ઝુંબેશના ભાગરૂપે ભારે ચળવળ ચાલુ કરેલ છે. હિંમતનગર નગરપાલિકા દ્વારા આ રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમો રાખેલ હોઈ, રાજ્યના મંત્રીઓ તથા સચિવ કક્ષાના અધિકારીઓ આવનાર હોઈ, સદર કાર્યક્રમને અનેરો બનાવવાના ભાગરૂપ હિંમતનગર શહેરને પ્લાસ્ટિક ફ્રિ ઝોન બનાવવા નક્કી કરવામાં આવેલ છે. જે બાબતે હિંમતનગર નગરપાલિકાના પ્રમુખ તથા ચીફ ઓફીસર દ્વારા લોકોને સદર કામગીરીમાં પુરેપુરો સહકાર આપવા વિનંતી કરેલ છે.

હાલ શહેરમાં અલગ-અલગ વોર્ડમાં ત્રણ ટીમ બનાવી પ્લાસ્ટીક ફ્રી ઝોનની કામગીરીના ભાગરૂપ પ્લાસ્ટીક વાપરતાં વેપારીઓ પાસેથી પ્લાસ્ટીકની થેલીઓ/મટેરીયલ જપ્ત કરવાનું ચાલુ કરેલ છે. ૨૫૦ કિલો જેટલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરેલ છે. તથા રૂ. ૪૦૦૦ જેટલી વહીવટી રકમ વસુલ કરવામાં આવેલ છે. ચીફ ઓફીસર તથા પ્રમુખે સદર બાબતે પબ્લીક જાગૃતિના (અવેરનેશ) ભાગરૂપે પ્લાસ્ટીકના બદલે અનેય મટેરીયલ્સ વાપરવા આગ્રહ કરેલ છે. ટુંક સમયમાં હિંમતનગર શહેરમાં ગટર યોજના પૂર્ણ થવાની હોઈ, શહેરના લોકો હમણાંથી જ પ્લાસ્ટીક ફ્રી શહેર બનાવવા સહકાર આપે તો ગટરમાં બ્લોકેજ થવાની સંભાવના નહિવત રહેશે અને ગંદકીથી બચી શકાશે.

શહેરમાં હાલ સર્કલ, મકાનો વિગેરેમાં રંગરોગાનની કામગીરી પણ ચાલુ કરવામાં આવેલ છે. જેથી શહેરની સુંદરતા વધશે. આ તમામ અભિયાનથી 'શહેર સ્વસ્થ, સુંદર, સ્વચ્છ' બનાવવાથી રોગચાળાથી મુક્તી મળશે. જેમાં શહેરી જનો વેપારીઓ અને શહેરના તમામ વર્ગોએ સહકાર આપવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

લાંભા વોર્ડ : હવે વરસાદી પાણીના નિકાલની યોજના

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ શહેર મ્યુનિ. કોર્પોરેશનના વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટીના ચેરમેને વરસાદી પાણીના નિકાલ માટે રૂા. ૩૧ લાખની યોજના કરી સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરી છે. લાંભા વોર્ડમાંના પીપળજ ગામ તથા તેની આસપાસના વિસ્તારમાં વરસાદની સીઝનમાં પાણી કાયમ ભરાઈ જાય છે. તે આસપાસના લોકો માટે એક મોટી સમસ્યા છે જે સમસ્યા દૂર કરવા માટે રૂા. ૩૧ લાખની યોજનાને વોટર સપ્લાય કમિટીએ મંજુરી આપી દીધી છે.

વહાણા ગામે આધ્યાત્મ શિબિર અને સંત મહાસંમેલન યોજાયું

ડીસા, તા. ૧૪

સરસ્વતી તાલુકાના વહાણા ગામના યુવાનો અને બહેનો વ્યસનોથી વિમુખ બને અને તેમનામાં આધ્યાત્મ વૃત્તિ કેળવાય તે માટે સમસ્ત વહાણા ગામના ક્ષત્રિય ઠાકોર યુવાનો દ્વારા યોજાયેલ આધ્યાત્મ શિબિર અને સંત મહાસ્મેલનમાં સંસ્કારોની કેળવણી માટે હજારો લોકો ઉમટી પડ્યા હતા.

વહાણા ગામના યુવાનો તેમજ બહેનો કાયમી વ્યસનથી મુક્ત બને અને સદવિચાર દ્વારા સમાજનું કલ્યાણ કરે તેવી દિવ્ય ભાવના સાથે ગામના ક્ષત્રિય યુવકોએ પરમ પુજય સંત સદારામ બાપાની છત્રછાયા હેઠળ સોકરતા વધારે આચાર્ય મહંતોને બહુચર માતાના સાનિધ્યમાં તેડાવી એક ભવ્ય આધ્યાત્મ શિબિર અને સંત મહાસંમેલનનું આયોજન કર્યું હતું. જેમાં એક લાખ જેટલી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી. સંત પુરુષોએ આખી રાત ધર્મ અને સંસ્કારોની વાતો તેમજ ઉપદેશ દ્વારા માનવજીવનના કલ્યાણનો મર્મ સમજાવ્યો હતો. હજારોની સંખ્યામાં ઉમટી પડેલ ધર્મપ્રેમી જનતાને ભોજન પ્રસાદ તેમજ બેઠકની વ્યવસ્થા માટે યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. ભારે ટ્રાફીક વચ્ચે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વાગડોદ પોલીસ દ્વારા સહકાર આપવામાં આવ્યો હતો. આવનારા મહેમાનોને કોઈ અગવડ ન પડે તે માટે યુવાનોએ ભારે કમરકસી હતી. તેમાં વડીલોએ માર્ગદર્શન આપી પ્રસંગને ઉજ્જવળ બનાવ્યો હતો.

ડીસાના જુના ડીસા ખાતેનાં

ફાર્મ હાઉસમાં દોઢ માસ પહેલા ગુમ યુવકનું સસ્પેન્ડ મર્ડર

ડીસા, તા. ૧૪

ડીસાના જુના ડીસા ગામે આવેલા એક ફાર્મ હાઉસમાં આજે પોલીસે પાલનપુર તાલુકાનાં સાસણ ગામેથી દોઢ માસ અગાઉ ગુમ થયેલા એક ૨૫ વર્ષીય યુવકની હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો અને હત્યારા ટોળકીના એકની ધરપકડ કરેલ છે.

બનાસકાંઠાના પાલનપુર તાલુકાનાં સાસણ ગામનાં મોતીભાઈ જીવાભાઈ પટેલનો સહુથી નાનો દીકરો અરવિંદ મોતીલાલ પટેલ ઉંમર વર્ષ ૨૫ આશરે છ માસ અગાઉ કોઈ કેસમાં જેલ વાસ ભોગવી બહાર આવ્યો હતો. જોકે જેલમાં ખૂન કેસનાં આરોપી એવા બકાજી વદનજી ઠાકોર રહે. મુડેથાવાળા સાથે તેનો પરિચય થયો અને બન્ને મિત્રો બન્યા હતા. જે બાદ છ માસ અગાઉ આ બન્ને જેલમાંથી છૂટી ગયા હતા. જોકે દોઢ માસ અગાઉ અરવિંદ મોતીલાલ પટેલ રહસ્યમય રીતે ગુમ થતાં તેના પિતાએ તેની શોધખોળ હાથ ધરી હતી પણ તે મળેલ નહિં.

દરમિયાન સાસણ ગામનાં સરપંચને એક નનામો પત્ર મળ્યો હતો. આ પત્રમાં અરવિંદ મોતીલાલ પટેલની હત્યા થિ હોવાનું અને આ હત્યા તેના જેલવાસનાં મિત્રો એવા બકાજી વદનજી ઠાકોર અને પોપટજી વદનજી ઠાકોરે કરી અરવિંદની લાશને સંજય ત્રિભોવનભાઈ માળીનાં જુના ડીસા નજીકનાં ફાર્મ હાઉસમાં તારની વાળ પાસે દાટી હોવાનું જણાવ્યું હતું. આ પત્ર મળતાં પિતા મોતીભાઈ જીવાભાઈ પટેલ દ્વારા ડીસા દક્ષિણ પોલીસ મથકનાં પોલીસ ઈન્સ્પેક્ટર આર. એમ. ભદોરિયાને ફરિયાદ કરાતા આજરોજ પોલીસે ડીસા માલતદાર શિવરાજ ગીલ્વાને સાથે રાખી પંચો રૂબરૂ આરોપી એવા બકાજી વદનજી ઠાકોરનાં બતાવ્યા મુજબની જગ્યાએ ખોદકામ કરતા ગુમ થયેલા અરવિંદ મોતીલાલ પટેલની કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. જે એક પ્લાસ્ટિકનાં કોથળામાં નાંખી દાટેલી હતી. પ્રાથમિક તપાસમાં આ આરોપીએ અન્યોની મદદથી અરવિંદ પટેલ સાથેની ટોળકી બનાવી એક મોટી ચોરી કરી હતી અને આ ચોરીનો ભાગ અરવિંદને ન આપવો પડે તે માટે તેની હત્યા કરી નાંખી હતી અને લાશને ફાર્મ હાઉસમાં દાટી દીધી હતી. જોકે આજરોજ આ કાઈમ પરથી પડદો ઉંચકાયો હતો અને ગુમ થયેલ યુવકની બકાજી વદનજી ઠાકોર અને અન્યો એ હત્યા કરેલ હોવાનું બહાર આવતા પોલીસે આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહિલાઓને આકર્ષવા અવનવા નુસખા કરતા યુવાનની ધોલાઈ

પ્રાંતિજનો યુવાન સોશ્યલ સાઈટો ઉપર ખોટો દંભ બતાવી મહિલાઓને આકર્ષતો હતો

પ્રાંતિજ, તા. ૧૪

સોશ્યલ મિડીયા પર મહિલાઓને આકર્ષવા સિનસપાટા કરવાનું પ્રાંતિજના એક યુવાનને ભારે પડી ગયું હતું. ખોટો દંભ બતાવી મહિલાની સાથે સંબંધ બાંધનાર પ્રાંતિજના યુવાનને અમદાવાદથી આવેલ સાત મહિલાઓએ ઘરમાંથી બહાર કાઢી ઢીબી નાખ્યો હતો અને લોકો જોવા ટોળે વળ્યા હતા.

આ વિચિત્ર ઘટનાની વિગત એવી છે કે પ્રાંતિજના વદરાડ ગામે રહેતો યુવાન સારી રીતે કમ્પ્યૂટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરી જાણે છે. અને છેલ્લા સમયથી ફેશબુક, વોટ્સઅપ વગેરે સોશ્યલ સાઈટો પર પોતાનો વિવિધ એકાઉન્ટ બનાવી મહિલાઓ અને યુવતીઓ ને આકર્ષવા સિનસપાટા મારી રહ્યો હતો અને મહિલાઓને બંગલો, ધંધો, ગાડી અને વાડીની મોટી મોટી વાતો કરી પોતાની માયાજાળમાં ફસાવી રહ્યો હતો. આમ સાત જેટલી મહિલાઓને સાથે ચેટીંગ કરી તમામને ગોળ ગોળ ફેરવી રહ્યો હતો. જેની કમ્પ્યૂટર દ્વારા જ જાણ અન્ય મહિલાઓને થઈ જતા આજે અમદાવાદની આ સાત મહિલા રીક્ષા ભરી પ્રાંતિજ આવી પહોંચી હતી અને વદરાડ ગામે જઈ યુવાનની શોધખોળ હાથ ધરી હતી અને યુવાનનું ઘર મળી જતા યુવાનને ઘરમાંથી કાઢી તમામ મહિલાઓએ ભારે ધોલાઈ કરી નાખી હતી. આ ઘટના જોવા સ્થાનિકો ટોળે વળ્યા હતા. આશરે અડધો કલાક આ હાઈ-વોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો.

હિંમતનગર બસ સ્ટેન્ડના શૌચાલયમાં યુવતીની છેડતી

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેરના મુખ્ય બસ સ્ટેન્ડમાં ગતરોજ રાત્રિના સમયે શૌચાલયમાં અજાણ્યા યુવાને યુવતીની છેડતી કરતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવની વિગત એવી છે કે, હિંમતનગરની યુવતી અમદાવાદ એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે જે દરરોજ હિંમતનગરથી સવારે અમદાવાદ જાય છે અને સાંજે પરત બસમાં આવે છે. દરમિયાન યુવતી શુક્રવારના રોજ સાંજે રાબેતા મુજબ પરત હિંમતનગર બસ સ્ટેન્ડમાં ઉતર્યા બાદ બસ સ્ટેન્ડના શૌચાલયમાં ગઈ હતી તે જ સમયે એક અંદાજે ૨૬ વર્ષીય શખ્સે શૌચલય જતી યુવતીને ધક્કો મારી પાડી દીધી હતી અને તેની સાથે બિભત્સ હરકતો કરતા યુવતીએ બુમા બુમ કરતા અજાણ્યો શખ્સ નાસી છૂટ્યો હતો. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે મહિલાએ ફરિયાદ આપતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ છેડતીનો ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

પ્રાંતિજના વડવાસા પાટીયા નજીક ત્રિપલ અકસ્માત : એકનું મોત

પ્રાંતિજ, તા. ૧૪

હિંમતનગર-ચિલોડા હાઈવેપર પ્રાંતિજ નજીક આજે કાર - રીક્ષા અને બાઈક વચ્ચે થયેલ ત્રિપલ અકસ્માતમાં બાઈકચાલકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના વડવાસા પાટીયા પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં જીજે-૦૭-એ.આર.-૯૩૪૮ના કારચાલકે પોતાની ગાડીનો કાબુ ગુમાવતા બાઈક અને રીક્ષાને અડફેટે લીધી હતી. આથી અકસ્માતમાં બાઈકચાલક કનુસિંહ ચૌહાણનું મોત થવા પામ્યું હતું. જ્યારે રીક્ષાચાલકને પણ નાની-મોટી ઈજો થવા પામી હતી.

પીલુદા ગામે આધેડે અગ્નિસ્નાન કરી લેતા મોત

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ નજીક આવેલ પીલુદા ગામે એક વૃદ્ધે અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં કેરોસીન છાંટી સળગી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રાંતિજ નજીક પીલુદા ગામ આવેલ છે. જ્યાં ૬૫ વર્ષીય ખેંગારભાઈ સોમાભાઈ રાઠોડ પોતાના પરિવાર સાથે રહે છે. દરમિયાન ગતરોજ એકલતાનો લાભ લઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં જ પડેલ કેરોશીન શરીરે છાંટી દીધુ હતું અને દીવાસળી ચાંપી દીધી હતી પરિણામે આધેડ ગંભીર રીતે દાઝી ગયા હતા અને તુરંત આસપાસના રહિશોએ દોડી આવ્યા હતા પરંતુ આધેડનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે પ્રાંતિજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મગોડી લાટ પાસે બાઈક ટકરાતા ત્રણને ઈજા

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા સર્કલથી ચાર કિ.મી. દૂર ચિલોડાથી દહેગામ જવાના માર્ગ પર મગોડી લાટ પાસે બે બાઈક અથડાતા અકસ્માતમાં ત્રણ વ્યક્તિને નાની-મોટી ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં પ્રાથમિક શાળામાં શિક્ષકની નોકરી કરતા જયેશભાઈ ગોપાલભાઈ ગૌસ્વામી રહે. સૂર્યકેતુ સોસાયટી, તા. દહેગામ મોટરસાઈકલ જીજે-૧૮-એ.કે.-૦૦૪૪ પર આવી રહ્યા હતા ત્યારે બાઈકની પાછળ રમેશભાઈ એમ. સોલંકી રહે. વાઘાવત તા. કપડવંજ જિ. ખેડાએ પોતાનું બાઈક પુરઝડપે તથા ગફલતભરી રીતે હંકારતા જયેશભાઈ ગૌસ્વામીના બાઈક સાથે ટકરાતા અકસ્માતમાં ત્રણ જણને નાની મોટી ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં દહેગામ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે લઈ જવાયા હતા. આ અંગે અકસ્માત અંગે જયેશભાઈ ગૌસ્વામીએ તહોમતદાર સાથે ગુનો નોંધાવતા ચિલોડા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. દિલાવરખાન વધુ તપાસ ચલાવી રહ્યા છે.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર ખાતે ત્રણ જર્મન શિક્ષકો દ્વારા વિશિષ્ઠ શિક્ષણકાર્ય

ઈડર, તા. ૧૪

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર -પ્રાથમિક કક્ષાએથી જ બાળકોનો આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણ વિકસે તે માટે -પ્રયત્નશીલ છે. આ માટે British Council ના ISA-International School Award- અંતર્ગત સાત અલગ અલગ ન્જેક્ટ્સ ઉપર બાળકોમાં આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવવા આયોજનબદ્ધ કામગીરી ચાલી રહેલ છે.

ISA ન્જેક્ટ્સના ભાગરૂપે જેર્મનીના ત્રણ શિક્ષકો Yana, Juliette Sckicore અને Bernadette Staunder એ આ શાળામાં વિવિધ -વૃતીઓ દ્વારા બાળકોને આંતરરાષ્ટ્રીય સમજ આપી હતી.

જર્મન શિક્ષકોએ Christmas Song, Balanced Diet, World Peace with UN, Greeting as a Global Citizen આ બાબતોઉપર અસરકારક રીતે સમજ આપી હતી. જર્મનીમાં સંતુલિત આહાર માટે વપરાતા ધાન્યો અને જર્મનીનીપરંપરા -માણે મહેમાનોને આવકારવાની રીતભાત શીખવામાં શાળાના બાળકોએ ખૂબ રસ દાખવ્યો હતો.

આ સાથે વિશ્વશાંતિ માટે UNના -ચત્નો વિષય ઉપર શાળામાં યોજાયેલ નિબંધ સ્પર્ધાના વિજેતા બાળકોને જર્મન શિક્ષકો દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા.

જર્મન શિક્ષકો દ્વારા ઓતનેત થઈને જે રીતે -વૃત્તિમય શિક્ષણ આપવાનો -યત્ન થયો હતો તેનાથી બાળકોને શીખવામાં ખૂબ રસ પડ્યો હતો. શાળાના શિક્ષકોને, બાળકોને ભણતા કરવાની વિશિષ્ઠ રીતો શીખવા મળી હતી.

British Council નાઈજએ- International School Award- અંતર્ગત થઇ રહેલ વિશિષ્ટ-ન્જેક્ટ્સ બાળકો અને શિક્ષકોને આંતરરાષ્ટ્રીયસ્તરના જ્ઞાન, કૌશલ્યો અને સમજ વિકસાવવા ખૂબ જ ઉપયોગી સાબિત થઇ રહ્યા છે. આ સમગ્ર આયોજન માટે શાળાના એકેડમિક કો- ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ પટેલે -શંસનીય કામગીરી કરી હતી.

રિવરફ્રન્ટમાં ખાણીપીણી, શોપિંગના સ્ટોલ પણ હશે

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ શહેરમાં ઓક્ટોબર માસમાં સુભાષબ્રીજ ખાતે તેમજ ઉસ્માનપુરા બ્રીજ ખાતે બનેલા રિવરફ્રન્ટનું એલ.કે. અડવાણી હસ્તક ઉદઘાટન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શહેરનાં લોકો માટે આ ગાર્ડન ખુલ્લું મુકવામાં આવ્યું હતું. અને ગત ૧૧ નવેમ્બર ૨૦૧૩થી રિવરફ્રન્ટ પાર્કમાં આવતા લોકો પાસેથી ફી વસુલાત કરવામાં આવી છે. શહેરમાં કાંકરીયા તળાવ બાદ આ બે રિવરફ્રન્ટ પાર્કમાં લોકોનું આકર્ષણ વધ્યું છે. જેના માટે કાંકરીયા બાદ હવે સુભાષબ્રીજ અને દધીચીબ્રીજ વચ્ચેના રિવરફ્રન્ટ પાર્કમાં ખાણીપીણી-શોપિંગના સ્ટોલ મ્યુનિ. સત્તાધીશો વિચારણા કરી રહ્યા છે.

મોડાસા ચાંદટેકરી શાળાનું ગૌરવ

મોડાસાની ચાંદ ટેકરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થી સલમાન

ઈશાકભાઈ વણઝારા (ધોરણ-૭)એ ખેલમહાકુંભ ૨૦૧૩ અંતર્ગત ૬૦ મીટર દોડમાં ભાગ લીધો હતો અને મોડાસા તાલુકાનું પ્રતિનિધિત્વ કરીને અરવલ્લી જિલ્લામાં પ્રથમ ક્રમે આવી શાળાનું ગૌરવ તથા તાલુકાના નામ રોશન કર્યું છે. જે બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. બાળકની આ સિદ્ધિને ગ્રામજનોએ વધાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્ક્વે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન